# કોંગ્રેસની રેલીમાં કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ

ગુજરાતમાં ખેડુતોના દેવા માફી માટે કોંગ્રેસ દ્વારા આંદોલન શરુ કરવામાં આવ્યું છે. ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્ર શરુ થતા કોંગ્રેસ દ્વારા મોટા કાર્યક્રમની ઘોષણા કરવામાં આવી હતી. આજે આ કાર્યક્રમને પગલે શહેરમાં ઠેરઠેર પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. સત્યાગ્રહ છાવણી ખાતે જાહેર સભા પૂર્ણ થયા બાદ કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવ, પ્રદેશ પ્રમુખ અમીત ચાવડા, તેમજ અન્ય નેતાઓ અને પ્રદેશમાંથી આવેલા કાર્યકરો હાય રે.. ભાજપ હાય..હાય.. ખેજુતોનું દેવુ માફ કરો, લોકશાહી બચાવો, ખોટી સેટેલાઈટ માપણી રદ કરોના નારાઓ સાથે વિધાનસભાના ઘેરાવ કરવા માટે નીકળ્યા હતા. ઘ-માર્ગ ઉપર પથિકાશ્રમ પાસે પોલીસે ભારે બેરીકેટસ ગોઠવી દીધા હતા અને મોટીસંખ્યામાં પોલીસ જવાનોએ નાકાબંધી કરી દીધી હતી. પોલીસે આ રેલીને અટકાવતા કોંગ્રેસના કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણના કિસ્સા સામે આવ્યા હતા. પોલીસની ગાડીઓમાં કાર્યકરોને બેસાડવામાં આવતા ઘર્ષણ ઉગ્ર બન્યું હતું અને પોલીસને હળવો લાઠીચાર્જ પણ કરવાની ફરજ પડતા પથ્થરમારો પણ થયો હતો. આ પથ્થરમારામાં ચાર જેટલા પોલીસ કર્મચારીઓને ઈજા પહોંચી હતી. જેને અનુલક્ષી પોલીસ વધુ ઉગ્ર બની હતી અને કોંગ્રેસના કાર્યકરો સાથે જપાજપી કરી પોલીસ વાનમાં પુરી દેવામાં આવ્યા હતા. એક પછી એક છ થી વધુ મોટા પોલીસ વાહનોમાં કાર્યકરોને ભરીને કરાઈ પોલીસ એકેડમી ખાતે લઈ જવાયા હતા. લગભગ એક કલાક સુધી કોંગ્રેસના કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ ચાલ્યું હતું. પોલીસે ૫૦૦ થી વધુ કાર્યકરોને અટકાયત કરી લેતા પરિસ્થિતિ શાંત થઈ ગઈ હતી. પોલીસે કોંગ્રેસના કાર્યકરોની કુચને અટકાવી દેતા ૫૦૦ મીટર પણ કુચ જઈ શકી નહોતી. તો બીજી બાજુ ઘણા કોંગી કાર્યકરો સેકટરોના રસ્તેથી વિધાનસભા પહોચે તેવી આશંકાના પગલે ચ-૩ થી વિધાનસભા તરફનો માર્ગ પણ બંધ કરી દેવામાં આવ્યો હતો. વિધાન સભાના પણ તમામ દરવાજા બંધ કરીને ફકત ગેટ નં-૧ જ ખુલ્લો રાખવામાં આવ્યો હતો. જયાથી ઓળખ વિના કોઈને પણ પ્રવેશ આપવામાં આવતો નહોતો.






શહેરના સેકટર-૬ સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે લોકશાહી બચાવો, ખેડુતોના દેવામાફીની માંગ સાથે ખેડુત આક્રોશ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ વિધાનસભા ઘેરાવનો કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. કોંગ્રેસના

## આક્રોશ રેલીની સાથે સાથે



- શહેરમાં કોંગ્રેસ આયોજીત આક્રોશ રેલીની સભા સમય કરતા મોડી શરુ થઈ હતી.
- સભા સ્થળે કાર્યકરો ગરમી લાગતી હોવાથી ખુરશીમાં બેસતા ન હતા. જેથી કોંગ્રેસના આગેવાનોએ વાંરવાર રજુઆત કરી ખુરશીમાં બેસવા માટે અનુરોધ કર્યો હતો.
- સવારના સમયે કાર્યકરોની સંખ્યા ઓછી દેખાઈ હતી, પરંતુ ૧૨ કલાકની આસપાસ સત્યાગ્રહ છાવણી કાર્યકરોથી ભરાઈ ગઈ હતી.
- કોંગ્રેસ દ્વારા સભા સ્થળની પાસે મીનરલ પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- મોબાઈલ ટોઈલેટ ન હોવાથી કાર્યકરોને ભારે અગવડતા પડી હતી.
- સે-૬ અને સત્યાગ્રહ વિસ્તાર ગાડીઓનો ખડકલો જોવા મળતો હતો.
- આક્રોશ રેલીને પગલે ચા-પાણી, નાસ્તાના વેપારીઓના ત્યાં ભારે જમાવડો જોવા મળ્યો હતો.
- કાર્યકરોને ઠંડા પાણી માટે દુર દુર સુધી જવુ પડ્યું હતું.
- રેલીને પગલે શહેરીજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.
- ઘ માર્ગ પર વાહન વ્યવહાર થોડીવાર માટે બંધ કરાયો હતો.
- ચ માર્ગ પર અંબાજી જતા પદયાત્રીકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.
- સત્યાગ્રહ છાવણી નજીક આવેલ હોસ્પિટલ ખાતે એમ્બ્યુલન્સમાં દર્દીને લવાતા એમ્બુલન્સ માટે પણ જગ્યા નહોતી.
- રેલીમાં કાર્યકરોમાં સેલ્ફી લેવાનો ક્રેઝ વધુ જોવા મળતો હતો.
- પ્રદેશ પ્રમુખ અને પ્રભારી બળદગાડામાં બેસીને સ્ટેજ પાસે પહોંચ્યા હતા.




## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**હમણા કેટલો બોરીંગ સમય ચાલે છે.. કોઈ નેતાની સેક્સ સીડી બહાર પડ્યે કેટલો બધો સમય થયો નહીં...**

## મનપાની પરીક્ષાને પગલે એનએસયુઆઈ દ્વારા કમિશનરને આવેદનપત્ર અપાયું

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર મહાનગર પાલિકા માટે કલાર્ક, સીનીયર કલાર્ક, સેનેટરી ઈન્સ્પેકટર સહિતની ભરતી પ્રક્રિયા કરવામાં આવી રહી છે. જેની લેખિત પરિક્ષા તાજેતરમાં લેવામાં આવી છે. રાજયભરમાંથી લાખો ઉમેદવારોએ આ પરિક્ષા આપી હતી. ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી દ્વારા પરિક્ષા લેવામાં આવી છે. ત્યારે પરિક્ષામાં પારદર્શિતા જળવાય તે માટે અને અન્ય ઉમેદવારોને અન્યાય ન થાય તે માટે આજે કોંગ્રેસના કોર્પોરેટર અંકિત બારોટ અને એનએસયુઆઈના કાર્યકરોએ ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશનરને આવેદન પત્ર આપી રજુઆત કરી છે.

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટીમાં ભુતકાળમાં ઘણા બધા છબરડા સામે આવેલા છે. જીટીયુના ભ્રષ્ટ અધિકારીઓ દ્વારા ઘણા બધા કૌંભાડ કરવામાં આવી રહ્યા છે.

હાલમાં પણ જીટીયુની પ્રક્રિયા પારદર્શક નથી અને ભુતકાળ પણ ખરડાયેલો છે. તેમ છતા આ પ્રક્રિયા જીટીયુને આપવાનું કારણ શું હોઈ શકે ? જીટીયુ સિવાય પણ ઘણી બધી સંસ્થાઓ છે જે આ પ્રકારની પરિક્ષા લે છે. પરંતુ જીટીયુને આપવા માટે કોનું દબાણ છે એ જાહેર કરો. હાલ શહેરમાં નોકરી આપવા માટે ઘણા દલાલો ફરે છે. એ દલાલો કોના ઈશારે નોકરી આપવા માટે તૈયાર થયા છે. તેની તપાસ ન્યાયીક રીતે થાય તે માટે જરુરી પગલા લેવામાં આવે. આ પ્રશ્ન લાખો પરિક્ષાર્થીઓના હિતનો છે. આ પ્રક્રિયામાં પૈસાના જોરેકે સત્તાધીશોના સેટીંગના કારણે કોઈ પણ પ્રકારના વ્યકિતની પસંદગી થશે તો લાખો ઉમેદવારોને અન્યાય થઈ શકે છે. માટે યોગ્ય પગલા લઈ આ વિષયની ઉંડાણથી તપાસ થવી જોઈએ. તેવી રજુઆત મનપાના કમિશનરને આવેદન પત્ર આપી શહેરના કોંગ્રેસના કોર્પોરેટર અંકિત બારોટ અને એનએસયુઆઈના કાર્યકરોએ કરી છે.



## દબાણની કામગીરીમાં ભેદભાવ નહી ઈમ્પેકટ ફી નો અમલ કરો : વેપારીઓ

ગાંધીનગર તા ૧૮

શહેરમાં દબાણ હટવા ઝુંબેશ હાલ ટોક ઓફ ધ ટાઉન છે. તંત્ર દ્વારા સેકટરોમાં દબાણો દુર કરવા ઉપરાંત રહેણાંક વિસ્તારમાં ધમધમતી કોર્મશિયલ પ્રવૃતિને અનુલક્ષી દુકાનો સીલ કરવા સુધીના આકરા પગલા લેવાઈ રહ્યા છે. વર્ષોથી વેપાર ધંધો કરી પેટીયુ રળતા નાના વેપારીઓ અત્યંત પરેશાન છે. હવે શું કરવુ તે પ્રશ્ન મુખ્ય બન્યો છે. ત્યારે દબાણ ઝુંબેશ અન્વયે વેપારીઓ માટે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા થાય તેવી લાગણી પ્રબળ બની છે.ગાંધીનગરમાં છેલ્લા કેટલાય સમયથી દબાણ હટાવ ઝુંબેશની કામગીરી ચાલી રહી છે આ ઝુંબેશને અનુલક્ષીને નગરના વેપારીઓનો એક જ મત છે. ઝુંપડાઓને પાકા મકાન આપ્યા લારી ગલ્લા વાળાને પાકી દુકાનો આપી.

નગરના નાના વેપારીઓ રહેણાંકમાં વર્ષોથી ધંધો કરે છે ત્યારે વૈકલ્પિક વ્યવસ્થા કરી આ દબાણની કામગીરી હાથ ધરવી જોઈએ. દબાણ હટાવ ઝુંબેશ અન્વયે કોઈ વેપારીઓનો ભેદભાવ રાખવો ન જોઈએ સે ૧ થી ૩૦ માં સમાંતર કામગીરી થવી જોઈએ. ઈમ્પેકટનો કાયદો સત્વરે અમલમાં આવે વેપારીઓ વેપાર ધંધો કરી શકે તેવી કાયમી વ્યવસ્થા થાય તેવુ આયોજન સરકારે કરવુ જોઈએ.

## સે-૩-ડીમાં હકાભા ભરતદાનનો હાસ્યનો ડાયરો

સેકટર-૩-ડીમાં યુવક મિત્ર મંડળ દ્વારા આયોજિત ગણેશ મહોત્સવમાં પાંચમા દિવસના કાર્યક્રમમાં હાસ્યવંતો ડાયરો યોજાયો હતો. ડાયરામાં હકાભા ગઢવી તથા ભરતદાન ગઢવી જેવા લોક સાહિત્ય અને હાસ્ય કલાકારોએ હળવી પારવારિક મનોરંજન સાથે ભાતીગળ સંસ્કૃતિ અને સંસ્કારની વાતો કરી હતી. આ કલાકારોને માણવા મોટી સંખ્યામાં સેકટરવાસીઓ તથા નગરજનો ઉમટી પડયા હતા.

## 'સ્વચ્છતા હી સેવા' પખવાડીયા અંતર્ગત રાંધેજા ખાતે સ્વચ્છતા જાગૃતતા રેલી

ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર તેમજ ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્રના રાષ્ટ્રીય સેવા યોજના એકમ અંતર્ગત રાંધેજા ગામમાં 'સ્વચ્છતા હી સેવા' પખવાડીયા અંતર્ગત એક સ્વચ્છતા જાગૃતતા રેલી યોજાયેલ જેમાં વિદ્યાર્થીઓ અને સેવકોએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. આ રેલીનું પ્રસ્થાન કેન્દ્રના સંયોજકો ડૉ. વી.કે. ગર્ગ અને ડૉ. રાજીવભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યા હતા. ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ દ્વારા ગામની પ્રાથમિક કન્યા શાળા ખાતે સ્વચ્છતા અને શૌચાલય સંબંધિત એક નાટક રજૂ કરી ઉપસ્થિત વિદ્યાર્થીનીઓને જાગૃત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું સફળ સંકલન પ્રાધ્યાપક લોકેશભાઈ જૈન અને વિષય નિષ્ણાંત ભરત હડિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ચિલોડા સર્કલ પ્રવેશદ્વારે ભરેલી ટ્રક પલ્ટી ખાતાં ટ્રાફિકજામ

ગાંધીનગર તાલુકાના મુખ્ય પ્રવેશદ્વારે હાલમાં ચિલોડા-અમદાવાદ-હિંમતનગર હાઈવે માર્ગ પર સીકસલાઈન તથા ઓવર બ્રિજનું કામકાજ ચાલી રહ્યું છે. ત્યારે સર્કલ ખાતે પહોંચતા વળાંકમાં નશો કરેલ હાલતમાં સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો અને ટ્રક રોડ વચ્ચે પલટી ખાઈ જતાં ગાંધીનગર તથા અમદાવાદથી આવતા વાહનો કલાકો અકસ્માત બાદ ટ્રકને રોડસાઈડ કરવા ભારે ક્રેન દ્વારા ખસેડવા પ્રયાસ કરતાં અંતે સફળતા મળી ન હતી. મોડી રાત્રે બીજી ક્રેન બોલાવી ટ્રકને ખસેડવામાં આવી હતી. ટ્રક પલટી



સોમવારે ૪ વાગ્યાના સમયે ગાંધીનગર પાવર સ્ટેશનથી સામાન ભરીને નીકળેલ ટ્રક નં. જીજે.૧૮.એવી.૪૫૨૪ ચિલોડા સુધી ટ્રાફિકજામ થતાં હેરાન પરેશાન થવા પામ્યા હતા. અકસ્માત સમયે કેબિનમાં ફસાયેલ ચાલકને કાચ તોડી બહાર કાઢવામાં આવ્યો હતો. ખાતાં સમયે મોટી દુર્ઘટના ન બનતાં લોકોએ હાશકારો અનુભવ્યો હતો. અકસ્માત જોવા લોકો મોટી સંખ્યામાં ટોળે વળ્યાં હતા.

## ચિલોડા પાસે આઈશરની ટક્કરથી એક્ટિવાચાલકનું મોત

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના ચિલોડા-હિંમતનગર, અમદાવાદ હાઈવે નં. ૮ પર ચિલોડા નજીક ગૌતમ થ્રેસરની સામે હિંમતનગરથી વાયા ચિલોડા-અમદાવાદ જવા નીકળેલ એકસ આર્મી રમેશભાઈ લાલુજી ખરાડી રાત્રે ૯ વાગ્યાના સમયે એકટીવા નં. જીજે.૦૯.સી.વી.૫૦૨૧ પર અમદાવાદ જઈ રહ્યા હતા ત્યારે હાઈવે પર મોટા ખાડામાં એકટીવા આવી જતાં સ્ટેરીંગ પર કાબુ ગુમાવ્યા બાદ એક આઈસર ટ્રક નં. જીજે.૦૧.બીવાય. ૫૯૪૯ના ચાલકે ગાડી પૂરઝડપે તથા ગફલતભરી રીતે હંકારતા રમેશભાઈ ખરાડીને ટક્કર મારતાં તેમને માથાના ભાગે અને મોઢાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતું.

આ અકસ્માતમાં મૃતક રમેશભાઈ ખરાડીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જઈ પીએમ કરાવી પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી અ.હેડ. કોન્સ્ટેબલ રામજીભાઈ મંગાભાઈ તપાસ ચલાવી રહ્યા છે. આ અકસ્માત અંગે મૃતકના ભાઈ લક્ષ્મણભાઈ લાલુજી ખરાડીએ ચિલોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## પૂ. જાગા સ્વામી મંદિર મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૧૮

તાજેતરમાં અમદાવાદના આંગણે સંત આવાસ જાગા સ્વામી મંદિરનો મહોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. જેમાં શોભાયાત્રા, દિવ્યસભા, અને મૂર્તિ પ્રતિષ્ઠા, અને મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. જેમાં સમસ્ત જણસારી સમાજ ગાંધીનગરના પ્રમુખ રમેશચંદ્ર એમ.ચૌહાણ મંત્રી મહેન્દ્ર કે ચૌહાણ તેમજ ખજાનચી પ્રહલાદભાઈ ચૌહાણ સહિત સમાજના અગ્રણીઓનું તેમજ પૂ.ભગવંતયોગીજીનું પુષ્પગુંચ્છ અને સન્માનપત્ર અર્પણ કરી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે જાગા સ્વામી મંડળના સભ્યોએ યોગીજીનું સ્વાગત કર્યુ હતું. જણસારી સમાજના સંતનું મંદિર થતા સૌ જ્ઞાતિજનો ભાવિકો સંત્સગમાં જોડાયા હતા અને તમામ નાગરીકોના સંકલ્પ પુરા થાય તેવો ભાવ વ્યકત કર્યો હતો.

## વડાપ્રધાનના જન્મ દિવસ નિમિત્તે યોજાયેલ આરોગ્ય કેમ્પ

ગાંધીનગર, તા. ૧૮

આપણા યશસ્વી વડાપ્રધાનના ૬૮મા જન્મદિવસ નિમિત્તે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા નિયામકશ્રી આયુષની કચેરી, ગાંધીનગરની સુચના તથા નિર્દેશો અન્વયે આર્યુવેદ શાખા જિલ્લા પંચાયત, તાલુકાના મુખ્ય મથક તથા જિલ્લાના મુખ્ય મથક ખાતે નિઃશુલ્ક આયુર્વેદ નિદાન-સારવાર કેમ્પ તથા ઔષધીય ઉકાળા વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું.

## સે-૨૪માં ભાજપના નેતાઓના દબાણો હજુ યથાવત સ્થાનિકો આંદોલન કરશે

**દબાણતંત્રની બેવડી નિતીથી સ્થાનિકોમાં આક્રોશ : શ્રીનગર વસાહતમાં નેતાઓના સગાના મોટામસ દબાણો દુર કરાયા નથી : ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરાશે : સેકટરવાસીઓની ચિમકી**

ગાંધીનગર તા ૧૮

સે-૨૪માં દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન પાકા દબાણોનો સફાયો કરવામાં આવ્યો હતો. જયારે આ દરમિયાન તંત્ર દ્વારા ૧૦૦ થી વધુ પાકા દબાણો પર બુલડોઝર ફેરવી દેવાયુ હતુ.પરંતુ શ્રીનગર વસાહતમાં હજુ મોટામસ દબાણોનુ અસ્તિત્વ હજુ યથાવત હોવાનો સુર ઉઠવા પામ્યો છે. રહેણાંક વિસ્તારમાં દુકાનો તાંણી બાંધવામાં આવી છે.આમછતા તંત્ર દ્વારા કોઈ એકશન લેવાયા નથી. જેના લીધે દબાણના મામલે તંત્રની વ્હાલા દવલાની નીતી સામે આવી હોવાનો આક્રોશ પણ સ્થાનિકોમાં પ્રબળ બન્યો છે. સે-૨૪ માં શ્રીનગર વસાહતમાં મકાન નં - ૩ :૪ દ્વારા દસ ફુટના રસ્તા પર દબાણ ઉભુ કરી દેવાયુ છે.

આ સ્થિતિ વચ્ચે રહીશો માર્ગનો ઉપયોગ પણ કરી શકતા નથી. આવા સંજોગોમાં પણ દબાણ સલામત રહેતા તંત્રની કામગીરીને અનુલક્ષીને પણ સ્થાનિકોમાં રોષ પ્રવર્તાયો છે. કોર્પોરેશનની દબાણતંત્રની ટીમ આ દબાણ તોડવા સ્થળ પર પહોચી હતી પરંતુ દબાણકર્તા દશરથભાઈ પટેલે આ વેળાએ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલ મારા સગાભાઈ હોવાનુ જણાવતા દબાણતંત્રની ટીમ રવાના થઈ ગઈ હોવાનુ પણ ચર્ચા સ્થાને છે. જયારે કોર્પોરેશનની ગત ચુંટણી લડેલા ભાજપના આગેવાને પણ મકાનમાં બિન્દાસ્ત દબાણ ઉભુ કર્યુ છે. પરંતુ નાના વેપારીઓના દબાણોને બુલડોઝરની થપાટો ઝીંકતા તંત્રને આ દેખાતુ ન હોવાનો આક્રોશ પણ હવે ચરમસીમાએ પહોચ્યો છે. દબાણ તંત્ર નેતાઓના સગાવાદને અનુલક્ષી બેવડી નીતી અપનાવી રહ્યુ છે. નેતાઓના આ દબાણો દુર નહીં કરવામાં આવે તો સ્થાનિકો હવે આંદોલનની રાહ અપનાવી લડત આપશે તેવા આક્રમક મુડમાં છે.



**ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીનું રાજભવન ખાતે સ્વાગત કરતા રાજ્યપાલ**

ગુજરાતની બે દિવસીય મુલાકાતે આવેલા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખજી આજે બપોરે રાજભવન ખાતે આવી પહોંચતા ગુજરાતના રાજ્યપાલ ઓ.પી. કોહલીએ તેમનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે રાજ્ય સરકારના અને રાજભવનના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દેશની હાલની સ્થિતિ માટે મોદી જવાબદાર : શંકરસિંહ

અમદાવાદ, તા.૧૮

પોતાના સમર્થકો-ટેકેદારો સાથે મહ્‌ત્વપૂર્ણ બેઠક યોજી લોકસભાની ચૂંટણીમાં સક્રિય રહેવાની મહત્વપૂર્ણ જાહેરાત આજે ગુજરાતના પીઢ રાજકારણી શંકરસિંહ વાઘેલાએ કરી હતી. બેઠક બાદ મીડિયાને સંબોધતાં અને રૂપિયાની કથળેલી સ્થિતિને લઈ શંકરસિંહ વાઘેલા(બાપુ)એ ભાજપ અને મોદી સરકાર પર સીધા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત સહિત દેશભરમાં પેટ્રોલ અને ડીઝલનાના ભાવ ભડકે બળે છે. સરકારે આ ભાવ જોઈને શરમથી ડૂબી જવું જોઈએ, હાલની સ્થિતિ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ જવાબદાર છે, રૂપિયો ગગડે કે પેટ્રોલ ડિઝલના ભાવ વધે તેના માટે મોદી જવાબદાર છે. દેશ અને પ્રદેશની જનતાને આપેલા વાયદાનો સરકાર હિસાબ આપે. મોદી કરેલા કામનો હિસાબ આપે, જનતાને આપેલી વચનોની ઉઘરાણી પ્રજા કરી રહી છે. એક સમયના ભાજપના દિગ્ગજ નેતા અને અગાઉ કોંગ્રેસ સાથે છેડો ફાડીને બેઠેલા શંકરસિંહ વાઘેલાએ વધુમાં જણાવ્યું કે, મે વડાપ્રધાન મોદીને તા.૨૧મે,૨૦૧૪માં વિદાય સમારંભ સમયે કહ્યું હતું કે આપે આ દેશને અને રાજ્યની પ્રજાને વચનો આપ્યા છે. દેશ અને રાજ્યોમાં તમારી સરકાર છે. સાડા ચાર વર્ષ કેંદ્ર સરકારને થવા છતા જનતા વતી હિસાબ માગુ છું. કોઈ વ્યક્તિગત વાત કે ઉઘરાણી નથી, આ પ્રજા વતી ઉઘરાણી છે. પહેલા રોજગારીના વચનો આપ્યા હવે પકોડા તળવાની સલાહ આપો છો. દેશના ખેડૂતોને ભાજપ સરકાર દગો કરી રહી છે. ખેડૂતોને વિજળી, સિંચાઈના પાણી પુરા પાડવામાં કેન્દ્ર સરકાર નિષ્ફળ બની છે. તેમણે ઉમેર્યું કે ત્રીજા મોરચા જેવું કશું હોતુ નથી. રાહુલ ગાંધીએ સેક્રીફાઈસની વાત કરી. ભાજપ સામે બધા વિપક્ષોએ એક થવું જોઈએ. ભાજપ સામે ત્રીજો અને પણ બીજો મોરચો બનવો જોઈએ. લોકસભાની ચૂંટણીમાં સક્રિય રહીશ. યોજનાઓના માત્ર નામ બદલી નખાયા છે. ભાજપના તમામ ધારાસભ્યો મારા સંપર્કમાં છે. હું ૨૦૧૯માં ભાજપની સામેનો વડાપ્રધાન જોવા માંગુ છું. હું ઘર વાપસીની શોધમાં નથી. હું મારા ઠેકાણે જ છું. એનસીપીમાં જોડાવવાની અટકલો વચ્ચે શંકરસિંહ વાઘેલાએ સ્પષ્ટતા કરી કે તેઓ એનસીપીમાં જોડાવવાના નથી.